પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૫૪ | ૪ મે, ૨૦૧૮, શુક્રવાર ; વૈશાખ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**શ્રીદેવીનો એવોર્ડ લેવા પહોંચ્યો પરિવાર**

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર માટે પસંદ કરાયેલ સ્વ. શ્રીદેવીનો એવોર્ડ લેવા પતિ બોનીકપૂર સહિત બંને દિકરીઓ પહોંચી હતી. રાષ્ટ્રપતિના હસ્તે આ એવોર્ડ અપાયો હતો.

**માનહાની મામલે રાહુલ ગાંધી મુશ્કેલીમાં**

મહાત્મા ગાંધીની હત્યા મામલે આરએસએસ પર કરાયેલા આક્ષેપો બાદ રાહુલ ગાંધીની મુશ્કેલીઓ વધી છે. આ મામલે આરએસએસ દ્વારા માનહાનિનો કેસ દાખલ કરાતા કોર્ટે તેમને આ મામલે સફાઈ આપવા જણાવ્યુ છે.

**કાવેરી જળ વિવાદ મામલે સુપ્રિમે કેન્દ્રની ઝાટકણી કાઢી**

કાવેરી જળ વિભાજનનુ વિધેયક પસાર ન થવા મામલે સુપ્રિમ કોર્ટે કેન્દ્રની ઝાટકણી કાઢી છે અને કર્ણાટકને આદેશ કર્યો છે કે તામિલનાડુને તુરંત જ ૪ ટીએમસી પાણી આપે.

# દેશના નવ રાજ્યમાં આંધીનો આતંક

**ઉત્તરપ્રદેશ, રાજસ્થાનમાં અભૂતપૂર્વ નુકસાન : પ્રચંડ તોફાન, વરસાદના પરિણામે મકાનો, વૃક્ષો, હોર્ડિંગ્સ ધરાશાયી થવાના બનાવમાં અનેકના મોત**







## ૧૧૦ના મોત

જયપુર-આગરા,તા. ૩

રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ સહિત દેશના નવથી વધુ રાજ્યોમાં વરસાદ અને તોફાને ભારે તાંડવ મચાવ્યું હતું. આ તાંડવમાં ૧૧૦થી પણ વધુ લોકોના મોત થઈ ગયા છે. સેંકડો લોકો ઘાયલ થયા છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં સૌથી વધારે નુકસાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. બચાર અને રાહત કામગીરી તમામ અસરગ્રસ્ત રાજ્યોમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે. રાજસ્થાન અને પશ્ચિમી ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ તેમજ પંજાબના જુદા જુદા ભાગોમાં વિનાશકારી તોફાનના કારણે ઓછામાં ઓછા ૧૧૦ લોકોના મોત થયા છે. સેંકડો લોકો ઘાયલ થયા છે. ધુળ ભરેલી આંધી સાથે આવેલા તોફાનમાં ભારે નુકસાન થયુ છે. કેટલીક જગ્યાઓએ વરસાદ પણ તુટી પડ્યો છે. નવથી વધુ રાજ્યોમાં પ્રચંડ તોફાનના કારણે અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઈ ગયાછે. કાચા મકાનો પડી ગયા છે. પાકા મકાનોને પણ નુકસાન થયું છે. મકાનોની દિવાલ ધરાશાયી થવા, હોર્ડિંગ પડવા, વિજ કરંટ અને અન્ય સંબંધિત ઘટનાઓમાં ભારે તબાહી થઈ છે. આંધી અને વરસાદના કારણે તાપમાનમાં ૧૦ ડિગ્રી સુધીનો ઘટાડો થયો હતો. મૌસમ વિભાગના નિષ્ણાંતોએ કહ્યુ છે કે પશ્ચિમી ડિસ્ટર્બન્સના કારણે

● અનુસંધાન પાન-૭ પર

# કર્ણાટક સરકાર સ્લીપ મોડમાં છે : મોદી

**બેંગ્લોરને અમારા યુવાનોએ કોમ્પ્યુટર કેપિટલ બનાવ્યું છે પણ કોંગીના શાસનમાં ક્રાઈમ કેપિટલમાં ફેરવાયું છે**

બેંગ્લુરુ, કલબુર્ગી,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટક ચૂંટણીમાં પ્રચાર જારી રાખ્યો છે. મોદીએ કલબુર્ગીમાં સંબોધન કર્યા બાદ બેંગ્લોરમાં પણ ભવ્ય રેલી યોજી હતી. બેંગ્લુરુમાં કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ આજે કલબુર્ગી, બેંગ્લુરુ અને છેલ્લે બેલ્લારીમાં ચૂંટણી સભા કરી હતી. મોદીએ પ્રહાર કરતા કહ્યું હતુ કે, બેંગ્લોર કોસ્મોપોલિટન સિટી તરીકે છે પરંતુ કોંગ્રેસ અંધાધૂંધીનું વાતાવરણ સર્જવા પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું હતુ કે, અમારા યુવાનોએ બેંગ્લોરને કોમ્પ્યુટર કેપિટલ બનાવી દીધું છે પરંતુ કોંગ્રેસના શાસનમાં આ શહેર ક્રાઈમ કેપિટલ તરીકે બની રહ્યું છે. રાજ્ય સરકાર સ્થિતિને કાબૂમાં લેવા સક્ષમ નથી. બેંગ્લુરુની ગણતરી ગાર્ડનસિટી તરીકે કરવામાં આવે છે પરંતુ કર્ણાટક સરકાર આને ગાર્બેજ સિટીમાં બદલી નાંખવા ઈચ્છુક છે. શહેરની જરૂરિયાતોને લઈને કોંગ્રેસને પડી નથી. ભારતના સિલિકોનવેલ્લી તરીકે આની ગણતરી થાય છે પરંતુ કોંગ્રેસ સરકારે અહીં મુશ્કેલરુપ સ્થિતિ સર્જી દીધી છે. બેંગ્લુરુમાં પણ મોદીએ આક્રમક પ્રચાર કરીને ઉપસ્થિત મોટી સંખ્યામાં લોકોને શ્રેણીબદ્ધ મુદ્દા પર વાત કરી હતી. તેમણે કહ્યું હતુ કે, કર્ણાટકના લોકોને હવે કોંગ્રેસ સરકારમાં વિશ્વાસ નથી. તેના મુખ્યમંત્રી અને પ્રધાનોમાં લોકોને વિશ્વાસ નથી. મોદીએ દાવા સાથે કહ્યુ હતુ કે, કોંગ્રેસના છેલ્લા કિલ્લાને પણ આંચકી લેવામાં આવશે.

કોંગ્રેસને જ્યારે હાર દેખાવવા લાગે છે ત્યારે જુદી જુદી અફવાઓ ફેલાવવામાં આવે છે. જેમાં જણાવામાં આવે છે કે,

● અનુસંધાન પાન-૭ પર

# મોદીને આવી ભાષા શોભતી નથી : રાહુલ

**રાહુલ ગાંધીએ કર્ણાટકમાં આક્રમક પ્રચાર કર્યો : રેડ્ડી બ્રધર્સને જેલમાંથી મોદીએ છોડાવ્યા**

બેંગ્લુરુ, તા. ૩

કર્ણાટકના ઓરાડમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પણ આજે આક્રમક પ્રચાર કર્યો હતો. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. રાહુલે કહ્યં હતું કે, વડાપ્રધાન તેમની મજાક ઉડાવે છે પરંતુ તેમને આ ભાષા શોભતી નથી. રાહુલે ભાજપના ભ્રષ્ટાચારમુક્ત ભારતના નારાની વાત કરતા કહ્યું હતું કે, રેડ્ડી બંધુઓને ફરીવાર લાવવામાં આવી રહ્યા છે. રાહુલે ઉમેર્યું હતું કે, રેડ્ડી બ્રધર્સની પુરી ગેંગ જેલમાં હતી તેને જેલમાંથી કાઢીને વિધાનસભામાં નાંખવાના પ્રયાસ થઈ રહ્યા છે. આ શોલે ફિલ્મની ગબ્બરસિંહ ગેંગ છે જેમાં શાંભા પણ છે અને કાલિયા પણ છે. તેઓ નરેન્દ્ર મોદીને પ્રશ્ન કરવા માંગે છે કે, આપના મિત્રના પુત્ર જય શાહ છે. તેમની ૫૦૦૦૦ની કંપની ૮૦ કરોડની થઈ

● અનુસંધાન પાન-૭ પર

# બિટકોઈનમાં એસપી જગદીશ પટેલ સસ્પેન્ડ

**જામીન પર મુક્ત થશે તો પણ ફરજથી બાકાત : આરોપી અધિકારીને ફરજ પર હાજર ન કરવા રાજયના ગૃહ વિભાગનો આદેશ : સરકારની શિક્ષાત્મક કાર્યવાહી**

અમદાવાદ,તા. ૩

ગુજરાતભરમાં ખળભળાટ મચાવનારા બિટકોઈન કેસમાં અમરેલીના આરોપી એસપી જગદીશ પટેલ વિરૂધ્ધ રાજય



સરકાર દ્વારા બહુ મોટી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં રાજયના ગૃહવિભાગ દ્વારા અમરેલી એસપી જગદીશ પટેલને ડિમ્ડ સસ્પેન્શન હેઠળ ઉતારી દેવાયા છે. એટલે કે, હાલ રિમાન્ડ પર રહેલા એસપી જગદીશ પટેલ આગામી દિવસોમાં જો કોર્ટ દ્વારા જામીનવ પર મુકત થાય તો પણ ફરજ પર હાજર થઈ શકશે નહી. રાજયના ગૃહવિભાગ દ્વારા આ ભ્રષ્ટ ઉચ્ચ અધિકારીને ફરજ પર હાજર નહી કરવા સંબંધિત સત્તાવાળાઓને ખાસ આદેશ કર્યો છે. બીજીબાજુ, એસપી જગદીશ પટેલ હાલ સ્પેશ્યલ એસીબી કોર્ટ દ્વારા તા.પમી મે સુધીના રિમાન્ડ પર સોંપાયેલા છે. જેથી તપાસનીશ એજન્સી સીઆઈડી ક્રાઈમ આ ચકચારભર્યા પ્રકરણમાં તેમની ઝીણવટભરી પૂછપરછ કરી તપાસ હાથ ધરી રહી છે. બિટકોઈન કેસમાં અગાઉ સીઆઈડી ક્રાઈમે આરોપી એસપી જગદીશ પટેલને સ્પેશ્યલ એસીબી કોર્ટ સમક્ષ રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી અને તા.૧લી મે સુધીના છ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. જેની મુદત પૂરી થતાં તપાસનીશ એજન્સીએ બે દિવસ પહેલાં ફરી આરોપી એસપી જગદીશ પટેલને કોર્ટ સમક્ષ રજૂ કરી વધુ રિમાન્ડ માંગ્યા હતા. જેમાં સરકારપક્ષ તરફથી મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટે વધુ રિમાન્ડની માંગણી કરતાં જણાવ્યું હતું કે, આ કેસમાં આરોપી એસપી જગદીશ પટેલ રૂ.૧.૩૩ કરોડની મસમોટી રકમ મામલે કોઈ ફોડ પાડતા નથી અને તેથી તેના સમગ્ર ઘટનાક્રમ વિશે તેમની પાસેથી માહિતી કઢાવવાની છે, આ ગુનામાં મોટા પ્રમાણમાં નાણાંકીય વ્યવહારો થયા હોઈ સીડીઆર એનાલિસીસ કરી ટેકનીકલ મદદથી આરોપીને સાથે રાખી

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે એન્જીનીયર હાર્ડવેર નેટવર્ક માટે**

ડેરી ઈક્વિપમેન્ટસ બનાવતી ગુજરાત ની અગ્રણ્ય કંપનીને ફિલ્ડમાં ફરીને સર્વિસ આપી શકે તેવા હાર્ડવેર નેટવર્ક એન્જીનીયર નીચેના તાલુકા માટે જોઈએ છે (એક વર્ષના અનુભવી)

| | |
|---|---|
| હારીજ | 1 જગ્યા |
| રાધનપુર | 1 જગ્યા |
| ગાંધીનગર | 1 જગ્યા |
| ખેરાલુ | 1 જગ્યા |

નજીકના ઉમેદવારે તા. 5-5-2018 ને શનિવાર ના રોજ સવારે 9.30 થી 12.30 સુધીમાં માં રૂબરૂ મળવું.
(ટુ વ્હીલર અને ડ્રાઈવર લાઈસન્સ જરૂરી)

સ્થળ : ધ્રુવીલ ઈન્ફોટેક
F/26, ક્રિષ્ના કોમ્પલેક્ષ, રાધનપુર ચાર રસ્તા, મહેસાણા.
E : dhruvilent@gmail.com
75730 04514

આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું
અમે પ્રેમની મીઠાશ

હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે
ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટી પ્લોટ આપની નજીક

**રાધે બેન્કવેટ હોલ**

- ૭૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા
- આધુનિક સુવિધાથી સજ્જ
- આકર્ષક એમ્બિયન્સ
- કેટરિંગ સુવિધા ઉપલબ્ધ

**કેશવમ પાર્ટી પ્લોટ**

- ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા
- આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ
- વિશાળ રમણીય ગાર્ડન
- આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય

મહેંદી | સંગીત | રિંગ સેરેમની | લગ્ન | રિસેપ્શન | બર્થ ડે
બેબી શાવર | એનિવર્સરી | ગેટ-ટુ-ગેધર | કોર્પોરેટ ઇવેન્ટ

રાધે બેન્કવેટ હોલ: ૨૦૫, ડીસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર ૨૧, ગાંધીનગર
સંપર્ક: ૭૬૯૮૦ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૦

કેશવમ પાર્ટી પ્લોટ: પેથાપુર-મહુડી રોડ, પેથાપુર
સંપર્ક: ૯૮૨૫૪ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૫

www.purplephase.in

રાધે Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com

**નિ:શુલ્ક ફ્લોરા ફર્ટીલીટી સેન્ટર, અમદાવાદ**
અને
**ડૉ. પરમારની સર્જીકલ હોસ્પિટલ ના સૌજન્યથી**
નિ:સંતાન દંપતિ માટે નિ:શુલ્ક નિદાન અને માર્ગદર્શન કેમ્પ... ગાંધીનગર ખાતે

**તારીખ : ૦૬-૦૫-૨૦૧૮, રવિવાર સમય : સવારે ૯-૦૦ થી ૨-૦૦**

આ કેમ્પના નીચે પ્રમાણેની તકલીફ ધરાવતા દંપતિને માર્ગદર્શન આપવામાં આવશે.

- લગ્ન નાં ૩ થી ૪ વર્ષ પછી પણ સંતાન ન થવું.
- પુરૂષના વિર્યમાં શુક્રાણુની અલ્પતા હોવી.
- ૨ થી વધારે વાર IUI સારવાર કરાવ્યા છતાં પણ ગર્ભ રહેવામાં સફળતા ન મળવી.
- અંડાશયમાં ઈંડા (સ્ત્રીબીજ) ન બનવા અથવા તો અંડાશયમાંથી સ્ત્રીબીજ યોગ્ય સમયે ન ફુટવું.
- બધા રીપોર્ટ નોર્મલ અવવા છતાં પણ ગર્ભ ન ધારણ થવો.
- સંતાન પ્રાપ્તિ માટે ઉંમરનો કોઈ બાધ નથી.
- તા.ક. : બે થી વધારે વાર IVF સારવાર કરાવ્યા છતાં સફળતા ન મળી હોય તો તેવા દંપતિએ આ કેમ્પનો ખાસ લાભ લેવો.

કેમ્પનું સ્થળ : **ડૉ. પરમારની સર્જીકલ હોસ્પિટલ**
પ્લોટ નં.-૩૦૫, પહેલો માળ, પદમાવતી કોમ્પલેક્ષ,
સ્ટુડન્ટ્સ સ્ટેશનરી ની ઉપર, ઘ-૬ સર્કલ પાસે, સેકટર-૨૯, ગાંધીનગર.

FLORA FERTILITY CENTRE
એ-બ્લોક, સહજાનંદ એવન્યુ, બિનાલી કોમ્પલેક્ષ ની સામે, ટોરન્ટ પાવર પાસે, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ०૧૩.
ફોન : (૦૭૯) ૨૭૪૭ ૮૦૦૧-૦૨-૦૩

ડૉ. વંદના અમીન M.D., D.G.O. (Infertility Consultant)
ડૉ. વર્ષા પટેલ M.D. (Infertility Consultant)
ડૉ. વર્ષા ચૌહાણ M.S., FNB (Infertility Consultant)

વધુ માહિતી તથા રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
ડૉ. રાજેન મહેતા મો. ૭૨૧૧૧ ૯૦૨૭૯ | પરીન પટેલ મો. ૭૨૧૧૧ ૯૦૨૭૭
સુનિલ બ્રહ્મભટ્ટ મો. ૭૨૧૧૧ ૯૦૨૭૮

**ટેસ્ટ ટ્યુબ બેબીની અદ્યતન સારવાર**

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION GUJARAT
IITE
|| न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ||

**Teachers required for Sandeepani School of Excellence, Gandhinagar**
**A world class school**

**Sponsored by**

**Indian Institute of Teacher Education, Gandhinagar**
(The people who brought internationalization in teacher education, the pioneers of Educational reforms in India)

Sandeepani School of Excellence will be a place for the holistic development of the students. Our focus will be on:

- Leadership
- Extracurricular activities
- Performing arts
- Medicine
- Innovations
- Sports
- Fine arts
- Management
- Engineering

- The idea is that we are not into the rat-race of producing doctors and engineers, but depending on tendency of the child, the school will specially train the students in various fields.
- The classrooms are well-equipped with technology. Every classroom has interactive television with required E-Content. The students will be given iPad. Classroom interaction will also take place.
- Class – 6, 7 and 8 (English medium, Gujarat Board) starting from June 2018.

Teachers needed for Upper Primary Section:
1. Mathematics
2. Science
3. Social Science
4. Language

**Qualification & Experience:**
1. Graduate with B.Ed. (Teachers with Master Degree & Prior Experience will be preferred.)
2. Principal – Master Degree with B.Ed. (Person with M. Ed. and Prior Experience will be preferred.)

**Salary - for suitable candidate, salary will be no bar**

Interested candidates may send their complete CV alongwith all necessary documents on or before 15th May 2018 to the address given below:

**Indian Institute of Teacher Education**
**Ramkrushna Paramhans Vidya Sankul**
Near KH-5, KH Road, Sector - 15, Gandhinagar - 382016 (Gujarat)
079-2324 3733 / 34 Email ID: registrar@iite.ac.in

INF/288/18-19